# COVID-19 રસીઓ -

# કર્મચારીઓ માટે કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી માહિતી

## શું મને રસી મૂકાવવા માટે ફરજ પાડી શકાય છે?

તમને તમારી ઇચ્છા વગર રસીકરણ કરાવવા અથવા કોઇ પણ તબીબી પ્રક્રિયા કરવા દબાણ કરી શકાય નહિં.

જો કે, કેટલાક કિસ્સાઓમાં જાહેર આરોગ્ય હુકમો હોય શકે છે જેને લીધે તમારે ઉચ્ચ જોખમ ધરાવતા ઉદ્યોગમાં કામ કરવા માટે રસીકરણ કરાવવાની આવશ્યક્તા હોય શકે છે. તમારી આરોગ્ય કચેરીની વર્તમાન સલાહથી સતત જાણકાર રહો.

## શું કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓ હેઠળ મારા નોકરીદાતા, મારે માટે COVID-19ની રસી મુકાવવાનું આવશ્યક બનાવી શકે છે?

મોટાભાગના કામદારો માટે, તમારા નોકરીદાતા તમારે માટે કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓ હેઠળ રસીકરણ કરાવવું આવશ્યક બનાવી શકશે નહિં.

જો કે, તેમાં અપવાદો હોય શકે છે, ખાસ કરીને જો તમે ચેપના સંપર્કમાં આવવાનું જોખમ વધુ હોય તેવા ઉદ્યોગમાં કામ કરતાં હોવ તો. ચોક્કસ જાહેર આરોગ્યના હુકમો પણ હોય શકે છે જે અંતર્ગત, તમારે રસી મૂકાવવી જરૂરી હોય શકે છે.

જો તમારા નોકરીદાતા માટે તમારું રસીકરણ થયેલું હોવું જરૂરી હોય તો, તેઓએ તમે સમજી વિચારીને નિર્ણય લઇ શકો તે માટે માહિતી અને સામગ્રી પ્રદાન કરવી જોઇએ. જો તમને ચિંતા હોય તો, તમારા દાક્તર સાથે વાત કરો. તમારા કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી નિયામકનો, સ્વાસ્થ્ય અને સલામતી પ્રતિનિધિ (એચએસઆર) અથવા કર્મચારી સંગઠનનો સહાય માટે સંપર્ક કરો.

કાર્ય સ્થળે તમારા અધિકારો વિષે માહિતી માટે ફેર વર્ક ઓમ્બડ્સ્મેન સાથે વાત કરો.

## કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓ હેઠળ કર્મચારી તરીકે મારી ફરજોનું શું? શું આનો અર્થ એ છે કે મારે રસીકરણ કરાવવું પડશે?

એક કર્મચારી તરીકે, તમારે તમારી જાતની વ્યાજબી કાળજી લેવી જોઇએ અને એવું કંઇ પણ ન કરવું જોઇએ કે જે, નોકરીના સ્થળે અન્ય લોકોના સ્વાસ્થ્ય અને સલામતીને પ્રતિકૂળ અસર કરે. જ્યાં સુધી તમે વ્યાજબી રીતે સક્ષમ હો

ત્યાં સુધી તમારા નોકરીદાતા તરફથી મળેલ સ્વાસ્થ્ય અને સલામતીને લગતી વ્યાજબી સૂચનાઓનું તમારે પાલન કરવું આવશ્યક છે.

જો તમારે રસીકરણ કરાવવું પડે તેવો કાયદો અથવા જાહેર આરોગ્યનો હુકમ અપાયો હોય તો, જે તે ઉદ્યોગમાં કામ કરવા માટે અથવા કરતાં રહેવા માટે તમારે રસી મૂકાવવી પડી શકે છે.

### શું મારા નોકરીદાતાએ મારા કાર્ય સ્થળે રસીકરણને આવશ્યક કરતાં પહેલાં મારી સાથે વાત કરવી પડે?

હા. જો તમારા નોકરીદાતા રસીકરણ નીતિ ફરજીયાત કરવા પર વિચાર કરી રહ્યા હોય તો, તેમણે કોઇ પણ પગલાં લેતાં પહેલાં તમારી અને જો હોય તો, તમારા સ્વાસ્થ્ય અને સલામતી પ્રતિનિધિ સાથે તેની ચર્ચા કરવી પડશે. જો કોઇ કારણસર તમે રસી મૂકાવી શકો તેમ ન હોય તો તમારે, તેમને જણાવવું જોઇએ.

### મેં રસી લીધી છે. શું મારે હજી પણ શારીરિક અંતર અને હાથ ધોવા જેવી અન્ય સાવચેતી રાખવી પડશે?

હા. સલામત અને અસરકારક રસી સમુદાયને સલામત અને સ્વસ્થ રાખવાનો એક ભાગ છે. COVID-19નો ફેલાવો થતો અટકાવવા માટે આ પગલાં લેવાનું ચાલુ રાખોઃ

- જાહેર આરોગ્યના હુકમોનું પાલન કરો
- જો તમે અસ્વસ્થ હોવ, COVID-19ના લક્ષણો જણાતાં હોય અથવા આરોગ્ય અધિકારીઓએ તમને ઘરે રહેવા કહ્યું હોય તો કામ પર ન જાઓ
- શારીરિક અંતર અને સ્વચ્છતા જેવા અમલમાં મૂકાયેલ COVID-19 માટેના નિયંત્રણોના પાલન સહિત સલામત રીતે કામ કરવા તમે વ્યાજબી રીતે જે કંઇ પણ કરી શકતા હોવ તે કરો
- સૂચનાઓનું પાલન કરો
- જો સુરક્ષિત રીતે કામ કઇ રીતે કરવું તેની ખાતરી ન હોય તો પૂછો
- વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો (પીપીઇ) જેવા કે હાથનાં મોજાનો તેના ઉપયોગ માટે આપવામાં આવેલી તાલીમ અને સૂચના અનુસાર ઉપયોગ કરો
- કોઇ પણ અસુરક્ષિત પરિસ્થિતિની જાણ તમારા પરિનીરિક્ષક અથવા સ્વાસ્થ્ય અને સલામતી પ્રતિનિધિને કરો

## વધુ માહિતી

- આરોગ્ય અને રસીઓની માહિતી - આરોગ્ય ખાતું
- કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી - સેફ વર્ક ઓસ્ટ્રેલિયા
- કાર્યસ્થળે અધિકારો - ફેર વર્ક ઓમ્બડ્સ્મેન